## બાગાયત મહાવિદ્યાલય, આણંદ ખાતે વાર્ષિક દિવસ " પેટલ્સ– ૨૦૨૩" ની ઉજવણી

બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ ધ્વારા છઠ્ઠો વાર્ષિકોત્સવ "પેટલ્સ ૨૦૨૩" નું આયોજન ડૉ. કે. બી. કથીરીયા, માનનીય કુલપતિશ્રી, આ.કૃ.યુ. ની અધ્યક્ષતામાં અને શ્રી દિલીપભાઈ માંકડીયા, મુખ્ય મહેમાન તરીકે હાજર રહી તા. ૧ લી જુન, ૨૦૨૩ ના રોજ આયોજન કરવામાં આવેલ હતુ. સદર વાર્ષિકોત્સવમાં ડૉ. કે. બી. કથીરીયા, માનનીય કુલપતિશ્રી ધ્વારા બાગાયતની ઉજળી તકો, બાગાયતી પાકોમાંથી બનતી વિવિધ બનાવટો, ઔષધિય પાકોની અગત્યતાનું માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને તેમના ઉજળા ભવિષ્ય માટેની શુભકામનાઓ આપી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી દિલીપભાઈ માંકડીયા ધ્વારા વિદ્યાર્થીઓને વેલ્યુ એડીશનનું મહત્વ, જીવનમાં સમયનો સદઉપયોગ તથા શિસ્તતા વિશે માર્ગદર્શન આપી બાગાયતની ઉજળી તકો વિશે માર્ગદર્શન આપેલ હતુ.

અતિથિ વિશેષ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. એમ. કે. ઝાલા ધ્વારા વિદ્યાર્થીઓને બાગાયતનો જીવનના વિવિધ તબકકે ઉપયોગ તથા આર્શીવચનો આપી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા તેમજ કુલસચિવશ્રી, ડૉ. જી. આર. પટેલ ધ્વારા વિદ્યાર્થીઓને બાગાયતમા ભવિષ્યની ઉજળી તકો અને એગ્રીકલ્ચર એનાલીટીક કોર્ષ માટે પ્રેરીત કર્યા હતા. વધુમાં નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ અને નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ડૉ. ડી. આર. કથીરીયા ધ્વારા વિદ્યાર્થીઓએ વર્ષ દરમ્યાન મેળવેલ વિવિધ રમત અને સાંસ્કૃતિક સ્પર્ધાની સિધ્ધિઓ વિશે અભિનંદન પાઠવેલ અને સુચારૂ માર્ગદર્શન આપેલ હતુ.

મહેમાનો ધ્વારા વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન વિવિધ આંતર યુનિવર્સિટી અને આંતરકોલેજ રમતો તેમજ સાંસ્કૃતિક સ્પર્ધામાં વિજેતાઓને મેડલ તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ અને કોલેજ મેગેઝીન "દલજા" તથા પ્લેસમેન્ટ બ્રોસરનું વિમોચન મહેમાનોના હાથે કરવામાં આવ્ય હતુ.

સદર વાર્ષિકોત્સવમા બાગાયત મહાવિદ્યાલયના પટાગનમાં વિદ્યાર્થીઓ ધ્વારા બનાવેલ જુદી જુદી પ્રવૃતિઓનું નિદર્શનનું આયોજન કરવામાં આવેલ હતુ. સદર વાર્ષિકોત્સવમાં તમામ યુનિટ અધિકારીઓ, પ્રિન્સીપાલ અને ડીનશ્રીઓ તથા આમંત્રિત મહેમાનો હાજર રહેલ હતા. આ મહોત્સવમાં ચેરમેન, એસઆરસી, ડૉ. હેમંત પ્રજાપતિ અને નીકુંજ વરૂ, જનરલ સેક્રેટરીએ બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. એન. આઈ. શાહના માર્ગદર્શન હેઠળ આયોજન કરેલ જેમાં કોલેજના તમામ અધ્યાપકગણનો સાથ અને સહકાર આ વાર્ષિકોત્સવની ઉજવણીને સફળ બનાવવામાં મહત્વનો ફાળો આપેલ હતો.


PETALS



PETALS


Dr. K. B. Kathiria


PETALS
2k23






PETALS
2k23
Dr. H. N. Prajapati
Dr. G. R. Patel
Dr. H. B. Patel
Dr. K. B. Kathiria
Dr. M. K. Jhala
Dr. N. I. Shah
Mr. Nikunj Varu


PETALS
2k23
Dr. H. N. Prajapati
Dr. G. R. Patel
Dr. H. B. Patel
Dr. K. B. Kathiria
Dr. M. K. Jhala
Dr. N. I. Shah
Mr. Nikunj Varu






PETALS
2k23